

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*જૂથોની રાસમંડળીમાં, પ્રગટી છે હોળી!*
*સત્તાની ભૂંડી ભવાઈમાં, પ્રકટી છે હોળી!*
*ચાંપે ચિનગારી ઘરમાં, પ્રકટી છે હોળી!*
*ટિકીટ-ટાંટિયાખેંચમાં, પ્રકટી છે હોળી!*

### હાઈકુ

*કરડી સત્તા,*
*ને થયાં હડકાયાં -*
*શ્વાન ભૂરાંટાં...*

*ખસી શિલાઓ -*
*ભૂગર્ભી હિલચાલે -*
*થયો ભૂકંપ...*

### ચિંતન

*પ્રસાદો નિષ્ફલો યસ્ય ક્રોધશ્ચાપિ નિરર્થક: ।*
*ન તં મર્તારમિચ્છન્તિ ષહ્ઢં પતિમિવ સ્ત્રિય: ॥*

**ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**જેની કૃપા પણ નિષ્ફળ હોય અને ક્રોધ પણ નિરર્થક હોય, એવા રાજાને લોકો એવી રીતે નથી ચાહતા જે રીતે સ્ત્રીઓ નપુંસક પતિને નથી ચાહતી.**

**જેની કૃપા ફળદાયી હોય અને જેનો ક્રોધ સાર્થક હોય, તે રાજાને સૌ ચાહે છે.**

**રાજા (પ્રધાનમંત્રી-મુખ્યમંત્રી) ને પ્રજા અને અધિકારીઓ પર ગુસ્સે થવાનો હક્ક અને અધિકાર છે સિવાય કે પોતે પણ ચારિત્ર્ય અને પ્રજા પ્રત્યે નિષ્ઠાવાન હોય, આવા સત્યનિષ્ઠ રાજાનો ગુસ્સો પણ પ્રજાને ગમે છે. પરંતુ પોતે કૌભાંડો કરતા હોય અને પ્રજાને કર ભરવા સજા કરતા હોય એવા રાજાને 'જુલમી' કહેવાય.**

### સુવિચાર

- ખાનદાની એટલે ત્યાગ અને સમર્પણ, ખાનદાની એટલે પોતાની યોગ્યતા કરતાં વધુ સત્કાર માટેની લાલચથી મુક્ત રહેવાનો સંયમ - **હરિન્દ્ર દવે**
- સત્યનો જય થશે, એટલું આશ્વાસન પૂરતું નથી, પણ હું જીવતો હોઈશ ત્યાં સુધી સત્યને આંચ નહીં આવવા દઉં એવી પ્રતિજ્ઞા જરૂરી છે - **જીવનસૂત્ર**
- 'નેકી' જો કરનારના દિલમાં રહે તો જ એ નેકી... અને એ બહાર નીકળે તો એ 'બદી' - **શેખ સાદી**
- લોર્ડ ચેસ્ટર ફિલ્ડ પોતાના પુત્રને કહેતા : બેટા, શક્ય હોય તો તું બીજા કરતા વધુ બુદ્ધિશાળી બનજે... પરંતુ તું બીજાને એમ કહેવાની કોશિશ કદી ન કરતો કે તું એના કરતાં વધુ બુદ્ધિમાન છે - **અભિમાન**
- સંકલ્પ રોશની છે અને દ્વિધા અંધકાર છે- **હિતેન આનંદપરા**
- જેના મનમાં સફળતા સતત ઘૂમ્યા કરે છે એ તકની પ્રતિક્ષા કરતો નથી, તેના પ્રયત્નો અવશ્ય સફળતામાં પરિણમે છે- **સ્ટીવ જોબ્સ**

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

ભીખાઈજીકામા ખ્યાતનામ વકીલ રૂસ્તમજી કામાના પત્ની. ધનિક પરિવારના ભીખાઈજીકામા મોશજોખ છોડી શહેરની ગંદી વસ્તીમાં જઈ ગરીબોને સ્વચ્છતા, સુઘડતાના મહત્ત્વ વિશે સમજાવતા. પતિ રૂસ્તમજી આવું કામ કરવાની સ્પષ્ટ ના પાડતા. છતાં ભીખઆઈજી માનતા નહોતા. એકવાર ઘરમાં મોટો ઝઘડો થઈ ગયો. રૂસ્તમજીએ કહ્યું, 'મને આ તારું સેવાનું કામ બિલકુલ પસંદ નથી, આપણું ખાનદાન ઊંચું છે, આપણે પૈસાદાર છીએ. આપણે આપણા જેવા જોડે રહેવાનું મળવાનું રાખવું જોઈએ, આમ ઝૂંપડપટ્ટીમાં ફરો છો એ મને જરાય પસંદ નથી. મારા ઘરમાં તમને શી વાતની કમી છે ? જરા મારા મોભાનો તો વિચાર કરો. આ સાંભળીને ભિખાઈજીએ કહ્યું, 'મને ગરીબોની સેવા કરવી ગમે છે, આ એક ઉત્તમ પ્રવૃત્તિ છે ! દેશની સેવા કરવાનું કામ છે. એમાં હું કશું જ ખોટું કરતી નથી. ગરીબોમાં જાગૃતિ લાવવી જરૂરી છે. આ અંગ્રેજો લૂંટારા છે એમની સામે બળવો કરવાનું મારે એમને શીખવવાનું છે, જો અંગ્રેજો સીધી રીતે દેશ છોડી ને ન જાય તો એમને ચૌદમું રતન બતાવીને કાઢી મૂકવા જોઈએ.' પતિ રૂસ્તમે ઘરની બહાર નીકળી જવાની ધમકી આપી. તો મેડમ કામાએ ઘર છોડી દીધું, વૈભવ, મોજશોખ અને સુખ સાહ્યબીને છોડી દીધા. અને ઈંગ્લેન્ડ જતા રહ્યા.

# રાજકીય પક્ષોની મજબૂરી

**તંત્રીસ્થાનેથી...**

વિધાનસભાની ચૂંટણી માટે સજ્જ બેઉ પ્રતિસ્પર્ધી રાજકીય પક્ષો માટે ઉમેદવારોની નામાવલી શિરોવેદના સમી બની રહી છે. શિસ્તબદ્ધ અને કેડર બેઝ્ડ પાર્ટીની છાપ ધરાવતી ભારતીય જનતા પાર્ટીમાં એમના જ ખમતીધર નેતાઓએ બળવાનો બૂંગિયો ફૂંક્યો છે. પુત્રને અથવા પત્નીને વિધાનસભાની ટિકિટ અપાવવામાં નિષ્ફળ રહેલા ગોધરા અને પાટણના સાંસદોએ હાઈકમાન્ડની ઐસી તૈસી કરી પોતાની જીદ પકડી રાખી છે અને ગોધરાના સાંસદે તો અપક્ષ ઉમેદવારી સુધ્ધાં કરવાની જાહેરાત કરી દીધી છે. તો બેઉ નેતાઓ એમની વિજય ક્ષમતા પર મુસ્તાક છે. પાર્ટી સાથે તો એમનું સગવડિયું જોડાણ છે. સામા પક્ષે કોંગ્રેસમાં સિનિયરોને સાચવી લેવા છતાં ખુદ પ્રદેશ પ્રમુખે ચૂંટણી નહીં લડવાનો નિર્ણય કર્યા છે. પાટીદાર આંદોલનના નેતાઓ છેલ્લે સુધી કોંગ્રેસ સાથે લવ-હેટ રિલેશનશિપના અવનવા ખેલ માંડી રહ્યા છે. 'પાસ' કન્વીનરોને ટિકિટ આપવાની જાહેરાત સાથે જ બાંભણિયાએ એમનો પુણ્યપ્રકોપ ઠાલવી દીધો છે. ટૂંકમાં પાટિદારોના નામે વૈતરણી તરી જવા માગતી કોંગ્રેસ માટે પણ નીવડ્યે વખાણ જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. પ્રજા આ ખેતલમાશા જોઈ રહી છે. મૈથિલીશરણ ગુપ્તની પેલી યાદગાર પંક્તિઓ એને જરૂર યાદ આવતી હશે :

હમ કૌન થે, કયા હો ગયે હૈં,
ઔર કયા હોંગે અભીં;
આઓ, વિચારેં આજ મિલકર
યે સમસ્યાએં સભી !

કયારેક એવો પણ સમય હતો કે સંનિષ્ઠ કાર્યકરોને સામે ચાલીને શોધી કાઢવામાં આવતા અને ધારાસભા કે લોકસભાના ઉમેદવાર બનવાં વિનંતી કરવામાં આવતી. હવે તો સંજોગો જ બદાલાઈ ગયા છે. નાણાં, ગુંડાગીરી અને જ્ઞાતિવાદ સહિતનાં સમીકરણો એટલાં મજબૂત થઈ ગયાં છે કે સંનિષ્ઠ કાર્યકરોને બાજુએ હડસેલી દઈ આવાં તત્ત્વોનિ ટિકિટોની લહાણી કરાવા લાગી છે. પાર્ટીના પ્રવક્તા આઈ.કે. જાડેજાને એમની પસંદગીની બેઠક નથી આપી શકાતી તે શું સૂચવે છે? ધનપતિઓને રાતોરાત ઉમેદવાર બનાવી દેવાયાના દાખલા અગાઉ પણ બનેલા છે. અલબત્ત, એવા ઉમેદવારો કયારેક નાણાંનાં જોરે પુરુષોત્તમ માવળંકર જેવા સંનિષ્ઠ અને અભ્યાસુ અગ્રણીઓને હરાવી જરૂર શક્યા હશે પણ કાળાન્તરે ખોવાઈ ગયા છે. કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી બેઉનું સ્વરુપ પણ સમય સાથે બદલાતું રહ્યું છે. કોંગ્રેસ કયારેક સરદાર પટેલ કે પંડિત નહેરુના આદર્શો પર ચાલતી હતી. ત્યાંથી તે ઈંદિરા ગાંધીની વહેવારું કોંગ્રેસ બની ગઈ અને આજકાલ એ રાહુલ ગાંધીની કોંગ્રેસમાં રૂપાંતર પામી છે. રાહુલ ગાંધી પણ જાણે છે કે જીતવા માટે જીતી શકે એવા ઉમેદવારો જ પસંદ કરવા પડે પરંતુ એમને પ્રાદેશિક જૂથોનાં વહાલાંદવલાં વચ્ચેથી જ આગળ વધવું પડે એમ છે. ભારતીય જનતા પાર્ટી પણ હવે વાજપેયી-અડવાણી-જોષીની 'પાર્ટી વિથ ડિફરંસ' નથી રહી. એ હવે નરેન્દ્ર મોદી અને અમિત શાહની જાગીર બની ચૂકી છે અને કોઈ પણ ભોગે ચૂંટણી જીતવી જ જીતવી અને ગુજરાતમાં ધારેલો લક્ષ્યાંક આંબવો તે એની પ્રાયોરિટી છે. આવા મમતે ચડેલા આગેવાનોને નવાં પરિબળો સાથે કામ પાડવું પડે છે, તે વળી જુદી જ મજબૂરી છે. સવિશેષ ગુજરાતમાં સત્તાસ્થાને પુનરાગમન કરવા માગતી કોંગ્રેસને આ મજબૂરી સાથે મેદાનમાં ઊતરવું પડ્યું છે. ત્રણેય યુવા અગ્રણીઓને કોંગ્રેસ સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી પણ એમની પાસે કદાચ મતદાર સમુદાયો છે, એથી કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટીને જેમના નામ પર મતોની ટંકશાળ વરસતી એવાં ઈંદિરા ગાંધીના જન્મદિવસે આવાં અણગમતા સમાધાન કરીને આગળ વધવાની ફરજ પડી છે.

# હિંમત બધા સદ્ગુણોની ગંગોત્રી છે

**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર



'મને બેન્ચ પર ઊભો રાખતા.'

'ઓહ...! '

'ડફોળ છે, તને કંઈ નઈ આવડે' એમ કહેતા.

'પછી તમે.... ?'

''આપ આટલા મહાન કેવી રીતે બન્યા ? આટલી બધી સિધ્ધિ કઈ રીતે હાંસલ કરી ? શું આપ બાળપણથી જ તેજસ્વી હતા ?''

જીવનમાં કંઈક બનવું હતું. કંઈક નવું કરવું હતું એમના જેવા મોટામાણસ બનવું હતું. આટલા મોટા માણસને બુધ્ધુ કહે ? કેવું કહેવાય. બાળકને ખૂબ આશ્ચર્ય થયું હતું. એ નાનકડા બાળકે સવાલોનો ધોધ ચાલુ કરી દીધો હતો.

''ના રે, મને કશું જ આવડતું નહોતું''

''તો પછી ?'' ''મને બધા બુધ્ધુ કહેતા હતા.''

''ઓહ... એમ ?''

''અરે, શિક્ષક સવાલ પૂછે અને હું જવાબ ન આપું એટલે મારા પર ગુસ્સે થાય ! બાંકડા પર ઊભો રાખે.''

''આ તમે શું કહો છો ?'' બાળકે નવાઈ પામતાં કહયું.

અરે, ગણિતના શિક્ષક તો એમ જ કહેતા કે હું ગણિતનો એકેય આંકડો કયારેય શીખી શકીશ નહીં ! મને વર્ગમાં ઠપકો મળતો, કલાસમેટસ વચ્ચે હાંસીપાત્ર બનતો.

''તો તમે આટલા આગળ કઈ રીતે વધ્યા ? આટલો બધો અભ્યાસ કઈ રીતે કર્યો ?''

એ સિધ્ધ પુરુષે સમજાવ્યું કે, 'મારા જીવનનું એક જ સુત્ર હતું.' 'હિંમત ન હારવી.' 'મેં મારી મહેનત ચાલુ રાખી અને મને એનું પરિણામ પણ મળ્યું.'

'હિંમતે મર્દા તો મદદે ખુદા' કહેવતને ચરિતાર્થ કરનાર સિધ્ધપુરુષ આઈનસ્ટાઈન હતા. હિંમતની કિંમત હોય છે. હિંમત હંમેશા અવરોધો વચ્ચે રસ્તો કરી લે છે. રસ્તો નહિ મળે તો રસ્તો કરી જવાના એમ અધવચ્ચે થોડા અમે બેસી જવાના ? સફળતાની હિંમત અને નિષ્ફળતાનો ડર રાખનાર વચ્ચે ઝાઝુ અંતર નથી હોતુ. તફાવત એટલો જ હોય છે કે ભય પામનારાનું ધ્યાન હંમેશા અવરોધો અને મુશ્કેલીઓ પર હોય છે. જયારે હિંમતવાન ગમે તેવા અવરોધો વચ્ચે પણ સમસ્યાઓ, અને પ્રલોભનોને અવગણીને મંઝિલ તરફ સતત આગળ વધતો હોય છે.

માર્ગમાં ઠોકર વાગે પણ ઠોકરના પથ્થરને પગથિયું બનાવી આગળને આગળ વધતો રહેવું એ હિંમતવાનનું લક્ષણ છે. કહેવાયું છે કે સંઘર્ષકા મૈદાન છોડ મત ભાગો તુમ, કુછ કીયે બીના હી જય જય કાર નહિ હોતી, કોશિશ કરને વાલો કી કભી હાર નહિ હોતી... હિંમતસે જીને વાલોં કી કભી હાર નહિ હોતી ...

માત્ર નામકરણ હિંમતભાઈ હોવા માત્રથી હિંમત આવી જતી નથી. હિંમત બધા સદ્ગુણોની ગંગોત્રી છે. ભગવદ્ગીતામાં કહયું છે અભયમ્ સત્વ સંશુધ્ધિ જ્ઞાનયોગ વ્યવસ્થિત: સૌથી પહેલો ગુણ અભયમ્ એટલે કે નિર્ભયતાનો છે. નિર્ભયતા આવે પછી સાહસ, નીડરતા અને નિષ્ઠા જેવા ગુણો માનવીમાં સંક્રાન્ત થતા હોય છે. ઈતિહાસ ગવાહ છે કે જેણે હિંમત દાખવી છે તે રાજા ઓછું સૈન્ય બળ હોવા છતાં દુશ્મન સામે જીતી ગયો છે.આજના યુગમાં નાહિંમત હોવું એ કોઈ ગુન્હા કરતાં સ્હેજ પણ ઉતરતું નથી.

***મિસરી***

*બાંધશો ના અટકળો ચાલો હવે*
*સૂર્ય સામે ઝળહળો ચાલો હવે*

**સલીમ શેખ 'સાલસ'**

- santoshdevkar03@gmail.com

# દાદાજી! મને આજે ઈનામમાં લંચબોક્સ મળ્યો!

**વિચારયાત્રા**

ડૉ. જય ઓઝા



'દાદા જુઓ મને આજે ઈનામમાં મસ્ત લંચબોક્સ મળ્યો.' પાંચ વર્ષનો પૌત્ર સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાંથી પરત આવતા જ હજી કારમાંથી ઉતરતાંવેંત જ દોડતો દરવાજો ખોલીને દાદા-દાદીને કે.જી.ની માર્કશીટના આધારે સ્નેહમિલન કાર્યક્રમમાં પુરસ્કાર વિતરણ પ્રસંગ અન્વયે મળેલા લંચબોક્સને લઈને ફટ કરીને દાદાના ખોળામાં બેસતો આ સંવાદ બોલે છે...

આખા પ્રસંગ દરમિયાન તેને મળેલા ઈનામને લઈને તેના ચહેરા પર જે આનંદના ભાવ હોય છે તે જોઈએ તો જ સમજાય તેવા હતા...

અને આ ફક્ત એક ભૂલકાની વાત નથી, જેટલા બાળકોને વિવિધ સમાજ સંગઠન દ્વારા દિવાળી પછી યોજાયા સ્નેહમિલન કાર્યક્રમમાં ઈનામ મળતાં હોય છે, તેઓ આવી જ રીતે ખુશ થતાં હોય છે...

ઉપરોક્ત પ્રસંગ દ્વારા આપણે એ સમજવું છે કે, અત્યારના સમયમાં જયાં સામાજિક રીતે વિભક્ત કુટુંબ અને નોકરી ધંધાના કારણે પોતાના વતનથી - દૂર સેટ થયેલા પરિવારો માટે આ પ્રકારના મેળાવડા કેટલા સંજીવની રૂપ બની રહે છે...

અત્યારે ચૂંટણીનો માહોલ છે, અને જાતિનું રાજકારણ આપણા વિકાસશીલ ગુજરાતમાં ચરમસીમાએ પહોંચ્યું છે, ત્યારે આ વાત માંડી છે, તો રખેને માનતા કે સમાજને વિભક્ત કરવા માટે આગમાં ઘી નાખવાનું કાર્ય થઈ રહ્યું છે,

ના.. ના.. લગીર પણ જાતિવાદી અભિગમ દાખવવાની વાત નથી.

પરંતુ અગાઉ જણાવ્યું તેમ આજે સરેરાશ કુટુંબ - વ્યક્તિ પહેલાના સમયના મુકાબલે ચોક્કસપણે વધુ એકાકી બન્યા છે, તેમાં મીનમેખ નથી...

નોકરી-ધંધા રોજગારની સ્પર્ધાઓ પહેલા કરતા વધુ કઠિન બની છે, અને આપણા સંબંધો નિભાવવાના પેરામિટર્સ પણ વધુ સ્વકેન્દ્રિત થતા ગયા છે, આવા સમયે વિવિધ જ્ઞાતિઓના સ્નેહમિલન, સોસાયટી અને સંસ્થાઓ દ્વારા થતાં સ્નેહમિલન આવકાર્ય છે. (આ વખત જો કે ચૂંટણીનો અનુલક્ષીનો રાજકારણીઓ દ્વારા બિલાડીના ટોપ વરસાદમાં ફુટી નીકળે તે હદે વધારો થતો હતો. પરંતુ અહીં તેવા ગરજાઉ અને સિઝનલ સ્નેહમિલનની વાત નથી.)

વર્ષોથી પરંપરા જાળવીને આપણા નગરમાં એવી ઘણી સંસ્થાઓ છે જે આ પ્રકારના કાર્યક્રમ કરે છે... અને આખું વર્ષ વ્યવસ્તતાના કારણે એકબીજાને ન મળતા જ્ઞાતિજનો, વસાહતીઓ, સભ્યો આ નિમિત્તે તો ચોક્કસ ભેગા મળીને સાંસ્કૃતિક કાર્યક્રમ, ઈનામ વિતરણ અને છેલ્લે ભોજન કરીને છૂટા પડે છે.

અને લેખની શરુઆત જે પ્રસંગથી કરી તેમ ભૂલકાઓને સંઘની, ઐક્યની, આનંદની ભાવનાનો એકડો ઘૂંટવાનો અવસર સાંપડે છે.

સારા-માઠા પ્રસંગોમાં માત્ર પ્રસંગ શોભાવવા માટે જ નહીં પરંતુ પ્રસંગને ખૂબીથી ઉકેલી દેવા માટે પણ તમારું વર્તુળ મોટું હોવું જરૂરી છે, બધી જ વસ્તુ માત્ર પૈસા ખર્ચવાથી મેનેજ નથી થઈ જતી... લગ્ન કે જન્મ દિવસ જેવા પ્રસંગો તો કદાચ હજી શક્ય છે કે, બારોબાર કેટરીંગ કે હોટેલના બેન્કવેટમાં ઊજવાઈ જતા હોય છે... પરંતુ માઠા પ્રસંગો મૃત્યુ સમયે જયાં સ્નેહીને ગુમાવી દેવાના આઘાતામાંથી હજી જે - તે પરિવાર બહાર ન આવ્યો હોય ત્યારે મૃત્યુ પછી મૃતદેહને સ્મશાન સુધીની અંતિમ સફરનું ખેડાણ કરવામાં ઘણા બધા એકાકી પરિવાર મુશ્કેલીનો સામનો કરતા હોય છે, તેવા સમયે પણ સેવાભાવી જ્ઞાતિ સભ્યો સાથેનો સુમેળ ખૂબ જ ઉપયોગી થઈ પડે છે...

આપણા નગરમાં એવી પણ સેવાભાવી વ્યક્તિઓ અને સંસ્થા છે જેને માત્ર ફોન દ્વારા જાણ કરવાની રહે છે કે, અંતિમધામ માટે સહાયની જરૂર છે, અને માત્ર વ્હોટ્સ એપ કે મેસેજની આપલે થી જ જે તે પરિવારની કપરી ઘડીમાં પેલા સભ્યો હાજર થઈ જઈને નનામી બાંધવાથી માંડીને સ્મશાન સુધી બધી જ જવાબદારી મૂંગા મોઢે ઉપાડી લે છે...

જ્ઞાતિ સંસ્થાઓ - સામાજિક સંસ્થાઓ કે વસાહતી સંસ્થાઓ દ્વારા થતાં વિવિધ કાર્યક્રમોમાં દિવાળી પછી થતો સ્નેહમિલન કાર્યક્રમનું આગવું મહત્ત્વ એટલા માટે પણ છે કે, દરેક સદસ્ય એવું વિચારતો હોય છે કે એટલીસ્ટ આ કાર્યક્રમમાં તો જઈને બધાને હળવું - મળવું જ છે - કારણ કે વાસ્તવિક સ્થિતિ એ છે કે દિવાળીમાં સમયના અભાવે બધાને રૂબરૂ મળવા જવાનું શક્ય બનતું નથી, અને સંપર્ક જીવંત રહેતો નથી...

તેમાં વળી બાળકો વિશેષ આ સ્નેહમિલનની રાહ જોતા હોય છે, આજે પણ જ્ઞાતિમાંથી મળતી ટ્રોફી મેં સાચવીને રાખી છે... પહેલાના સમયમાં કુટુંબો ભર્યા-ભાદર્યા હતા... મોટેભાગે બધા સંયુક્ત પરિવારોમાં રહેતા હતા... અમે બે અને અમારું એક સંતાનની આવશ્યકતા નહોતી - ત્યારે લગ્નની ઉંમરે છોકરા-છોકરીઓ માટે મુરતીયા કે કન્યા ગોતવામાં આજ જેટલી મુશ્કેલીઓ નહોતી પડતી...

આ સમયમાં આવા જ્ઞાતિ સંગઠનો અને સામાજિક સંસ્થાઓ - વસાહતી સંસ્થાઓ દ્વારા થતો આ એક કાર્યક્રમ મોતીની માળામાં દોરાનું મહત્ત્વનું કાર્ય કરે છે... વ્યક્તિ માત્રને એકલા રહેવું ગમતું નથી... તેમને પણ સહવાસ જોઈએ છે, પરંતુ 'યોજકસ્તત્ર દુર્લભ:' એ ન્યાયે મોતીઓને પરોવવા માટે વચ્ચેના દોરાનું કામ કરનાર આ સંસ્થાઓ અને તેના આયોજકો ખરેખર અભિનંદનને પાત્ર છે.

પરિવારમાં - ઘરમાં સત્યનારાયણની કથા કરવી હોય તો પણ અઢળક ચીજો અને વ્યવસ્થાઓની પળોજળ આપણો સોથ વાળી દેતો હોય છે... તો આટલા મોટા કાર્યક્રમ કરીને દરેકને ભેગા કરીને માત્ર આનંદની બાળકોની કિલકારીઓ કરાવવાનું ભગીરથ કાર્ય કરવું એ કોઈ નાની-સુની વાત નથી...

શું તમે તમારી જ્ઞાતિ-સમાજ-સંસ્તામાં કે વસાહતમાં કે પછી કોઈ સેવાભાવી પારિવારિક સંસ્થામાં સક્રિય નથી! તો રાહ શાની જુઓ છો ! જોડાઈ જાવ અને ગમતા નો કરો ગુલાલ...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# અધૂરપથી પીડાવાને બદલે જે મળ્યું છે એનો જલસો કરી લેવો

**અજવાળું - અજવાળું**

તુષાર જોશી



'હવે, આ ઉંમરે તમારે વળી શેનું બ્યુટી પાર્લરમાં જવાનું કે હેર સ્ટાઈલીશને ત્યાં જવાનું હૈં ...!!!'

કોમ્પ્યુટર પર પોતાનું કામ કરતા કરતાં, મારા ચહેરાની સામે પણ જોયા વિના, મેં પુછેલાં પ્રશ્નના જવાબમાં ઠાવકાઈ સાથે મિલન મામાએ કહ્યું.

નામ મિલન કિડેચા. મૂળ વતન ઉના તાલુકાનું ગામ ધોકડવા. હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ લીધું ને પછી કોઈ વ્યવસાયમાં સેટ થઈને પરિશ્રમ કરવાના મનોબળ સાથે વર્ષ ૨૦૦૦માં અમદાવાદ આવ્યા. મિલનસાર સ્વભાવ એટલે બધાની સાથે એમની દોસ્તી. ધીમું પણ માર્મિક હાસ્ય સતત એમના ચહેરા ઉપર રમતું હોય. ઈશ્વરે એમને શારીરિક ઊંચાઈ ઓછી આપી હતી પરંતુ માનવતાની દૃષ્ટિએ મુઠ્ઠી ઊંચેરા માનવી હતા મિલનભાઈ.

અમદાવાદ આવીને એમના બહેન શોભના અને બનેવી મણીલાલ સાથે રહેતા હતા. વચ્ચે વળી થોડા વર્ષો સુરત પણ રહી આવ્યા. એમના લગ્ન થયા ન હતા પરંતુ લગ્ન જીવનના દાંપત્ય જીવનના પ્રશ્નોના ઉત્તરો હંમેશા એમની પાસેથી અને સાંભળવા માટે ઉત્સુક રહેતા. પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં આવતા ઉતાર-ચઢાવ, પ્રેમ અને ગુસ્સો, આનંદ અને વિષાદ આ બધાનો એમને વ્યક્તિગત રીતે કોઈ અનુભવ નહિં પરંતુ એ અવલોકનના જબરા જાણકાર હતા. પરિણામ એમના તરફથી જે કાંઈ કોમેન્ટ કે ઉત્તર આવે એમાં નિર્દોષતા - સત્ય - મધુરતા અને ટીખળ હોવાની સાથે સાથે જિંદગીનું સત્ય પણ જરૂર સમાયેલું હોય. શોભના બહેનના ભાઈ હોવાના નાતે છોકરાઓ 'મામા' સંબોધન કરે એટલે મિલનભાઈ સહુના મિલનમામા બની રહ્યા હતા.

છેલ્લા ચારેક વર્ષથી શરુ થયેલા પ્રતિષ્ઠિત સામયિક 'આર્ટ બ્યુટી' નું માર્કેટીંગનું કામ એ સંભાળતા હતા. આ બાબતે સતત ટેલિફોન - સોશિયલ મીડિયા વગેરે સાથે તેઓ જોડાયેલા રહ્યા. અંકનું મેટર સમયસર તૈયાર થાય, એનું લે-આઉટ - ડીઝાઈનીંગ સમયસર થાય - એડર્વટાઈઝને ન્યાય મળે અને ગ્રાહકો સુધી સમયસર અંક પહોંચે એની પૂરતી કાળજી લેતાં.

સરળ સ્વભાવ, કામથી કામ, વાતે વાતે ટહુકા કરે, આનંદ કરે અને કરાવે. કયારેક મોડી રાત્રી સુધી કામ કરવાનું આવે તો એ પણ બધાની સાથે બેસે, જાગે, હળવાશથી કામને અનુરુપ વાતાવરણ હળવું બનાવે અને આરંભે અઘરું લાગતું કામ પુરું થાય એટલે વહેલી સવારે છોકરાઓને કહે 'જાવ છોકરાવ, બહુ કામ કર્યું, હવે ઘરે જઈને સુઈ જાવ.'

ગુજરાતના બ્યુટી પાર્લરોના સંચાલકો સાથે જીવંત સંબંધ એમના વર્કશોપને સેમિનારમાં એમની હાજરી સહુને આનંદ આપે.

આવા પ્રેમાળ માણસને થોડા સમય પહેલાં એકાએક સ્વાઈન ફલુનો રોગ લાગુ પડ્યો ને થોડા કલાકોમાં મિલન કીડેચાનું શરીર શાંત થઈ ગયું... એમને જ લેખના આરંભે ટોણો મારીને પ્રેમથી જે બ્યુટી પાર્લર કે હેર સ્ટાઈલીશને ત્યાં મારું કામ ગોઠવી આપ્યું હતું. એને ત્યાં જવાનું થાય ત્યારે કે મિત્રો મળે ત્યારે સહુ એમને યાદ કરે, અને કહે, મિલન મામા એટલે મોજીલા મામા.

જીવનના આરંભની ક્ષણથી જ મૃત્યુનો સમય ઈશ્વરે નક્કી કરી લીધો હોય છે. આ વચ્ચેના ગાળામાં માણસ તરીકે જે સમયમાં આપણે જીવીએ એમાં એવા સદ્ગુણો સમાયેલા હોય કે શરીર ન રહે પણ મધુરા સ્મરણ રહે છે.

ઈશ્વરે કયાંક કશુંક ઓછું આપ્યાની અધૂરપથી પીડાવાને બદલે જે મળ્યું છે એનો જલસો કરી લેવાની જીજીવિષા જ માણસના જીવનને સાર્થક બનાવતી હોય છે. આપણી આસપાસ આવા, બીજાને નડ્યા વિના, ઉપયોગી થઈને, મૌજથી જીવનારા માણસો જોડે આપણું મિલન થાય ત્યારે જીવનની મસ્તીના - મહોબ્બતના - અજવાળા રેલાતા હોય છે.

મિ - એટલે મીઠાશ
લ - એટલે લગન
ન - એટલે નમ્રતા
મિલન મામા માટે કહેલા પ્રફુલ્લ પંડ્યાના શબ્દો.